GJBK020038552026

---

**બનાસકાંઠાના મહે.પાંચમા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર**

---

**ફોજદારી કેસ નં. ૨૪૩૮ /૨૦૨૬**

**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** સુરેશભાઇ સોમાજી માજીરાણા
ઉ.વ.૪૩, ધંધો–મજુરી,
રહે.જનતાનગર સોસાયટી પાલનપુર,
તા.પાલનપુર,જી.બનાસકાંઠા

**ગુન્હોઃ–** એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી), મુજબ

**–// ચુકાદો //–**

(૧) ફરીયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાનું જાહેર કરેલ છે.

(૩) આરોપી સ્વૈચ્છીક ગુનો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત ધ્યાને લઈ, આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી.

આરોપી કાયદાની આંટીઘુટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરે છે. તે સંજોગોમાં *નામદાર ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનાનં.૭૦૯ ગુજરાત સરકાર વિ.*

*નટવરલાલ હરચંદજી ઠાકોર* ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના સિદ્ધાંત આ કામે યોગ્યપણે લાગુ પડતા હોવાને અત્રેની કોર્ટનું માનવું છે. આરોપીને સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતને ધ્યાને લઈ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતાં, આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની આર્થિક પરિસ્થિતિ, સંજોગો તથા દયાની માંગણીને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે આરોપીને એમ.વી.એકટ-૧૮૫ તથા પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦૦/- (રૂપિયા એક હજાર) પુરાનો દંડ તથા કોર્ટ ઊઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગે અગાઉનો વચગાળાનો હુકમ અપીલ સમય બાદ કાયમ રાખવો અને વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ મુદ્દામાલ વાહન માલિકને પરત કરવો.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર **(આત્મદીપ શર્મા)**

તા.૧૪-૦૩-૨૦૨૬ પાંચમા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,

પાલનપુર

યુનીક જજ કોડ નં.જીજે.૦૧૩૫૫